દાખલ તારીખ	૨૯/૦૧/૨૦૧૩		
રજીસ્ટરે લીધા તારીખ	૨૯/૦૧/૨૦૧૩		
ફેંસલ તારીખ	૧૬ /૦૬/૨૦૨૬		
સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૧૩	૪	૧૯

વિરમગામના પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,

વિરમગામ.

આંકઃ ૧૮

(મુખ્ય) એલ.એ.આર.કેસ નંબરઃ ૯/૨૦૧૩.

(સાથે એલ.એ.આર. નંબરઃ ૬/૨૦૧૩ થી ૮/૨૦૧૩)

એલ.એ.આર. નંબરઃ ૬/૨૦૧૩.

અરજદારઃ	**ડો.તેજશ્રીબેન દીલીપભાઇ પટેલ** રહે.વિરમગામ, તા.વિરમગામ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૭/૨૦૧૩.

અરજદારઃ	**રમેશભાઇ દાનુભાઇ** રહે. વણી, તા.વિરમગામ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૮/૨૦૧૩.

અરજદારઃ	**રમેશભાઇ દાનુભાઇ** રહે. વણી, તા.વિરમગામ, જી.અમદાવાદ.

એલ.એ.આર. નંબરઃ ૯/૨૦૧૩.

અરજદારઃ	**કલ્પેશકુમાર અજુભાઇ** રહે. વણી, તા.વિરમગામ, જી.અમદાવાદ.

-: વિરૂદ્ધ :-

સામાવાળા:	૧	મે. વધારાના ખાસ જમીન સંપાદન અધીકારી અમદાવાદ.
	૨	કાર્યપાલક ઇજનેર, સ્ટેટ હાઈવેની કચેરી, આંબાવાડી, અમદાવાદ

બાબતઃ	જમીન સંપાદન ધારો,૧૮૯૪ ની કલમ-૧૮ મુજબ રેફરન્સ કરવા માટેની અરજી.

તમામ એલ.એ.આર. કેસોમાં અરજદાર તર્ફે વિ.વ.શ્રી	એન.ડી.વણોલ
તમામ કેસોમાં સામાવાળાઓ તર્ફે વિ.એ.જી.પી. શ્રી	એચ.આર.સોલંકી

-: જ જ મે ન્ટ :-

(૧.૦) પ્રસ્તુત કામે નાયબ કલેકટરશ્રીની કચેરી, અમદાવાદ દ્બારા એલ.એ.કયુ. કેસ નં.૧૦/૦૯ ના કામે તા.૩૧/૦૧/૨૦૧૧ ના રોજ જાહેર કરેલ એવોર્ડથી નારાજ થઈ, અરજદારો દ્બારા નાયબ કલેકટરશ્રીને કોર્ટમાં રેફરન્સ કરવા અરજીઓ કરતાં, તે અરજીઓ અનુસંધાને, નાયબ કલેકટરશ્રી, વિરમગામ દ્બારા હાલના લેન્ડ રેફરન્સ કેસો જમીન સંપાદન ધારાની કલમ-૧૮ મુજબ રેફરન્સ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

(૧.૧) આ કામના અરજદારોએ તેમની રેફરન્સ કરવા માટેની અરજીઓમાં મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, તેઓની સર્વે નં./બ્લોક નં. ૧૮૯ પૈકીની ૦.૧૭.૦૮ ચો.મી.ની જમીનો સંપાદન કરવામાં આવેલ છે. આ કામમાં તા.૩૧/૦૧/૨૦૧૧ ના રોજ એવોર્ડ આપેલ છે. મજકુર એવોર્ડમાં કુલ વળતરની જે રકમ તેઓને ચુકવી છે તે તેઓએ વાંધા સાથે સ્વીકારેલી છે. તેઓને દર ચો.મી દીઠ રૂા.૧૬ આપેલા છે. સદર મજકુર એવોર્ડ તેઓને કબુલ કે સ્વીકાર્ય નથી. તેઓને જમીનોનું અપાવેલ વળતર તદ્રન ઓછુ, અયોગ્ય અને અપુરતુ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓની સંપાદિત જમીન

સંપાદનની તારીખે ખેતી ઉપયોગની પિયત જમીન હતી, તેઓની સંપાદિત જમીનો ફળદ્રુપ અને સમતલ જમીનો છે. તેમાં સિંચાઇની સગવડો છે, આધુનિક પધ્ધતીથી ખેતી કરી દર વર્ષે બે થી ત્રણ કિંમતી પાકો જેવા કે ડાંગર, તમાકુ, રજકો, શાકભાજી, ઘઉં, બાજરી, જીરૂ, રાયડો વિગેરે પકવે છે અને દર વિધે સારી એવી આવક મેળવે છે. તેમજ તેઓની સંપાદન થતી જમીનો એન.એ.પોટેશીયાલીટી વાળી જમીનો છે અને તેની આજુબાજુ તેમજ નજીકમાં કારખાના, વેપાર ઉદ્યોગોના એકમો, સ્થળો, દુકાનો તેમજ ગોડાઉન કોલ્ડ સ્ટોરેજ અને રહેણાંક સોસાયટી વિગેરે આવેલા છે. તેમજ તેમની જમીનની બાજુમાંથી સ્ટેટ હાઇવે પણ પસાર થાય છે. વળીજમીન સંપાદન થતા તેઓને લાઇટ કનેકશન, ટેલીફોન કનેકશન, સીફટીંગ તથા નવા કનેકશન લેવા પડેલ તેની નુકશાની આકારેલ નથી જેની તેના ૩૦% વળતર અપાવવા માંગણી કરેલ છે તેમજ ઉપરોકત બાબત નજર સમક્ષ રાખીએ તો પણ ઉપરની હકીકતે સંપાદન થતી જમીનોની સંપાદનની તારીખે દર ચો.મી. ના રૂા.૧૫૦/– ના ભાવથી થતી કિંમત તેઓને મળવી જોઇએ.વળી તેઓની જમીન સંપાદીત થતા વધેલી જમીનના ટુકડા થઇ જતા ભેલાણ વધી ગયેલ છે. તેમજ જમીન સંપાદીત થતા વાડો તેમજ ધારીયા ફરીથી કરવા પડેલા છે. જેથી વળતરની રકમ ઉપર નુકશાનીના ૨૦% આપવા માંગણી કરેલ છે. વ ળી જમીન સંપાદીત થતા સીંચાઇના સાધનો જેવા કે પાકા કુવા, તળાવ, સંપાદીત થતા અને તેમની વાડીની જમીનમાં સીંચન કરવા નવા સાધનો ઉભા કરવા પડેલા છે જેથી નુકશાની ૩૦% આપવા અથવા બીજા કુવા બનાવવા થતી કિંમત આપવા માંગણી કરેલ છે. તેમજ જીમન સંપાદીત થતા હળ, બળદ, ગાડુ તથા ઢોર પણ વેચી દેવા પડયા છે અને ખેતરમાં રહેવાના મકાન નાછુટકે બદલવા પડેલ છે અને તેઓને ખેતી સિવાય બીજો કોઇ કામધંધો આવડતો નથી તેથી તે બદલ નુકશાનીનાં ૨૦% આપવા માંગણી કરેલ છે તેમજ સદર વળતરની રકમ ઉપર પ્રતિવર્ષ ૧૨ % લેખે અને પ્રતિ માસે ૧ % નો ભાવ વધારો આપવા માંગણી છે. વધુમાં, અરજદારોએ તેમની અરજીઓમાં ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા એવોર્ડ કરી, તેઓને જે રકમ વળતર તરીકે ચૂકવેલ છે, તે વળતર તદ્દન ઓછુ, અયોગ્ય અને અપૂરતૂ હોવાનું જણાવી, તેઓને તેમની સંપાદન થયેલ સદર જમીન અંગે, પ્રતિ

ચો.મી.ના રૂા.૧૫૦/– લેખે વળતર અપાવવા માંગણી કરેલ છે. તેમજ, સદર વળતરની રકમ ઉપર નિયમ મુજબના અન્ય લાભો, વ્યાજ સહિત અપાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે નાયબ કલેકટરશ્રી અમદાવાદ નાએ મોજે ગામ વણી તા.વિરમગામ, જી.અમદાવાદ મુકામે આવેલી, અરજદારોની નીચે મુજબની જમીનો એલ.એ.ક્યુ. કેસ નં.૧૦/૦૯ ના કામે કાયમી ધોરણે સંપાદન કરેલ છે.

અનુ. નંબર	**એલ.એ.આર. કેસ નંબર**	**બ્લોક / સર્વે નંબર**	**સંપાદિત થયેલ જમીનનું માપ/ક્ષેત્રફળ હે.–આરે–ચો.મી.**
૧	૬/૨૦૧૩	૨૪૬	૧.૨૨.૨૨ ચો.મી.
૨	૭/૨૦૧૩	૨૫૧	૦.૨૦.૦૧ ચો.મી.
૩	૮/૨૦૧૩	૨૫૯	૦.૦૯.૦૭ ચો.મી.
૪	૯/૨૦૧૩	૧૮૯	૦.૧૭.૦૮ ચો.મી.

(૩) અરજદારોની અરજી અંગે સામાવાળાઓને પ્રોસેસ બજી જતાં સામાવાળાઓ તરફે વિ.એ.પી.પી.શ્રીનાઓએ હાજર રહી, જવાબ આંક–૬ થી રજુ કરેલ છે અને જણાવેલ છે કે, અરજદારોની અરજીમાં જણાવેલ હકીકતો ખોટી તેમજ ઉપજાવી કાઢેલ છે. વધુમાં જણાવેલ છે કે, જમીન સંપાદન અધિકારીએ જે એવોર્ડ કરેલ છે તે સદર ગામની જમીનના લોકેશન, આજુબાજુના ગામોની જમીનોના ભાવ, ગામના વિકાસ તથા સગવડતાઓને ધ્યાનમાં રાખીને જાહેર કરવામાં આવેલ છે અને તે આધારે સંપાદિત જમીનની બજાર કિંમત નક્કી કરવામાં આવેલ છે. આમ, ખાસ જમીન સંપાદન અધિકારી દ્વારા સંપાદિત જમીન અંગેનો જે ભાવ નક્કી કરવામાં આવેલ છે અને એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે તે વ્યાજબી અને કાયદેસરનો છે. તે તમામ સંજોગોમાં, અરજદારોની અરજી ચાલવાપાત્ર ન હોઇ, રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) હાલના કામનુ રેકર્ડ જોતાં જે તે સમયે સદર કેસમાં હાલના ગૃપ લેન્ડ

રેફરન્સ કેસોના, અરજદાર તર્ફે લેન્ડ રેફરન્સ કેસ નંબર ૬/૨૦૧૩ ના કામે અરજી આપી, હાલના એલ.એ.આર. કેસો ૬/૨૦૧૩ થી ૯/૨૦૧૩ એક જ ગામની જમીનો અંગેના તથા એક જ તારીખના એવોર્ડ આધારે દાખલ થયેલ હોઈ અને હાલના કેસમાં એક સરખો જ પુરાવો રજૂ થાય તેમ હોવાથી, હાલના એલ.એ.આર. કેસો કોન્સોલીડેટ કરી, એકી સાથે ચલાવવાની તેમજ એલ.એ.આર. નં. ૪/૨૦૧૩ ને ડીકોન્સોલીડેટ કરવાની આંક–૨૯ થી અરજી આપતાં, તે અરજી અત્રેની કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે અને એલ.એ.આર. કેસ નંબરઃ ૯/૨૦૧૩ ના કેસને મુખ્ય કેસ ગણી, તે કેસમાં ઉપરોકત અન્ય કેસનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે.

સદર કામે એલ.એ.આર. કેસ નં. ૯/૨૦૧૩ ના કેસને મુખ્ય કેસ ગણી તે કેસમા ઉપરોકત અન્ય કેસનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ પરંતુ સદર કામે વિ.વ.શ્રી દ્વારા તમામ પુરાવાઓ એલ.એ.આર. કેસ નં. ૬/૨૦૧૩ માં રજુ કરવામાં આવેલ છે. સદર કામે પક્ષકારોના હીત માટે તે પુરાવાને પણ આ કામે ધ્યાને લેવામાં આવેલ છે.

સદર કામે આંક–૦૯ થી હાલની રેફરન્સ અરજીમા માંગેલ કિંમત રૂા.૧૦/– ની જગ્યાએ રૂા.૧૫૦/– ની માંગણી કરતા તે મુજબનો સુધારો કરવાની અરજી આપતા, તે આંક–૦૯ ની અરજી મંજુર કરવામાં આવેલ છે અને મુળ રેફરન્સ અરજીમા માંગેલી કિંમત રૂા. ૧૦ ની જગ્યાએ રૂા. ૧૫૦/– નો સુધારો કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

(૫) અરજદારો તર્ફે હાલની રેફરન્સની અરજીઓના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

(એ) મૌખિક પુરાવોઃ–

ક્રમ	આંક	વિગત
૧	૧૦	અરજદાર તર્ફે એલ.એ.આર. કેસ નં.૬/૨૦૧૩ ના અરજદાર– તેજશ્રીબેન દીલીપભાઇ પટેલનુ પુરાવાનુ

		સોગંદનામુ.

(બી) **દસ્તાવેજી પુરાવોઃ–**

ક્રમ	આંક	વિગત
૧	૧૪	એલ.એ.આર. કેસ નં. ૮૩/૧૫ના હુકમની ખરી નકલ

અરજદારો તર્ફે આંક–૧૫થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે તેમજ આ કામે મદદનીશ સરકારી વકીલ તર્ફે આંક–૧૬થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૬) ત્યારબાદ, તમામ અરજદારો તર્ફે વિ.વ.શ્રી દ્વારા આંક–૧૬ થી લેખિત દલીલો રજુ કરેલ છે તેમજ તેઓની અરજીઓ મુજબની દલીલો કરવામાં આવેલ છે. તેઓએ તેમની લેખિત દલીલમા મુખ્યત્વે જણાવેલ છે કે આ કામે ચુકવવામાં આવેલ વળતર તે ઘણું જ ઓછુ છે જેથી તેમાં વધારો કરવાની જરૂરત છે. તેમજ આ કામે સંપાદન કરેલ જમીન ખુબ જ ફળદ્રુપ અને ઉંચી ગુણવતા વાળી છે અને સીંચાઇની સગવડતાવાળી છે અને દર વર્ષે બે થી પાક લઇ આશરે દર વીઘે ૪૦,૦૦૦/– થી ૫૦,૦૦૦/– નુ ઉત્પાદન મેળવે છે છે. વળસ તેઓનુ ગામ હાઇવે રોડને અડીને આવેલ હોય ભવિષ્યમાં ખુબ જ ગામનો વિકાસ થાય તેમ છે તેમજ તેમના ગામમા શાળા, પોસ્ટઓફીસ, પંચયાત તેમજ લાઇટ પાણી, ટેલીફોન રોડની વ્યવસ્થા આવેલ છે. આ સંજોગોમાં હાલની અરજી મંજુર કરવી જોઇએ. વધુમાં આ કામે તેઓ તરફે રજુ કરેલ જજમેન્ટ ધ્યાને લેવા રજુઆત કરેલ છે. અરજદારને સરકારશ્રી દ્વારા ઓછુ વળતર આપેલ હોય રૂા.૧૫૦/– લેખે પ્રતિ ચો.મી. વળતર અપાવવા રજુઆત કરેલ છે.

(૭) આ કામે સામાવાળા તર્ફે વિ.એ.જી.પી. શ્રી એચ.આર.સોલંકી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારો દ્વારા હાલના રેફરન્સ કેસોમાં વધુ વળતરની જે માંગણી કરવામાં આવેલ છે તે અંગે તેમના તર્ફે કોઇ સચોટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં, અરજદારોની સદર વધુ વળતરની માંગણી અયોગ્ય અને ગેરવ્યાજબી છે. જેથી, અરજદારોને તેઓની

સંપાદિત જમીન માટે તેઓએ માંગેલ કિંમત મળવાપાત્ર નથી. તેમજ સરકારશ્રી તરફથી જે ચુકવણુ અગાઉ કરવામાં આવેલ છે, તે યોગ્ય છે. તે તમામ સંજોગોમાં, અરજદારોની હાલની લેન્ડ રેફરન્સ અરજીઓ મંજુર થવા પાત્ર ન હોય, રદ કરવા, સામાવાળાપક્ષે રજૂઆત કરવામાં આવેલ છે.

(૮) આ કામે હાલના રેફરન્સ કેસોના ન્યાયી નિર્ણય સારૂ આંક–૦૭ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

–– મુદ્દા –

1. Whether the claimants proves that the compensation awarded by the Spl. Land Acquisition Officer is inadequate and not proper ?
2. Whether the claimant are entitled to get additional compensation ? If yes, what amount ?
3. Whether the application for reference under sec.18 is filed within time limit fixed as per the provison to sub section (2)of section 18 of the Land Acquisition Act ?
4. What order ?

(૯) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક,
(૨) હકારાત્મક,
(૩) હકારાત્મક,
(૪) આખરી હુકમ મુજબ.

–– કારણો ––

(૧૦) મુદ્દા નં. ૧ થી ૪ –

આ કામે ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૪ એકબીજા સાથે સંકળાયેલા હોઈ, તે મુદ્દાઓ અંગે, પુરાવાના ઉલ્લેખનું બિનજરૂરી પુનરાવર્તન અટકાવવાના હેતુથી તથા સગવડતા ખાતર તે મુદ્દાઓની ચર્ચા અત્રે એકીસાથે કરવામાં આવેલ છે.

(૧૦.૧) અરજદારો દ્વારા હાલની રેફ્ન્સ અરજીઓ, જમીન સંપાદન કાયદાની કલમ–૧૮ મુજબ તેઓની કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે તથા વધુ વળતર મેળવવા માટે કરવામાં આવેલ છે, તે સંજોગોમાં, કોર્ટે સદરહું જમીનોની બજાર કિંમત નક્કી કરતી વખતે મુખ્યત્વે, જે તે સમયગાળાના સરખામણીપાત્ર જમીનના વેચાણ દસ્તાવેજો જો ઉપલબ્ધ હોય તો તેના ઉપર આધાર રાખવાનો હોય છે અગરતો, સદરહું જમીનની ઉત્પાદકતા ધ્યાને રાખીને કિંમત નક્કી કરવાની રહે છે. વધુમાં, કોર્ટ, સરખા પ્રકારની, તે જ ગામની અથવા તો, નજીકના વિસ્તારની જમીન અંગે અન્ય જમીન સંપાદનના કેસમાં, જે વળતર ચુકવવામાં આવેલ હોય, તેવા રેફરન્સ કોર્ટના ચુકાદાઓને આધાર રાખીને કિંમતની આકારણી કરી શકે છે.

(૧૦.૨) આમ, કાયમી ધોરણે સંપાદિત થયેલ જમીનની કિંમત નક્કી કરવા અંગેના ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લઈ, આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવાઓનું, ઉભયપક્ષની ઉપરોકત દલીલો તથા જમીન સંપાદન કાયદાની વિવિધ જોગવાઈઓ અનુસંધાને મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તમામ અરજદારો વતી **એલ.એ.આર. કેસ નં.૬/૨૦૧૩** ના કામે અરજદાર– **તેજશ્રીબેન દીલીપભાઈ પટેલનું આંક–૧૦ થી** પુરાવાનુ સોગંદનામુ રજુ થયેલ છે. તેઓનું સોગંદનામુ ધ્યાને લેતાં, અરજદારે તેની સરતપાસની જુબાનીમાં, તેમની અરજી મુજબની તમામ હકીકતો જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર તથા સદર કામના અન્ય અરજદારોની મોજે વણીની અલગ અલગ સર્વે નંબરની ખેતીની જમીન સરખેજ–વિરમગામ–ધ્રાંગધ્રા–હળવદ–માળીયા રોડને ચાર લાઇનનો બનાવવા માટે સંપાદિત કરવામાં આવેલ. જેના આંક–૨૯ થી અરજી આપી

એલ.એ.આર.કેસ નં.૬/૨૦૧૩ થી ૯/૨૦૧૩ના કેસો કોગનેટ કરવામાં આવેલ છે. સદર અરજદાર તથા અન્ય અરજદારોની જમીન સંપાદિત કરવામાં આવેલ તેનું જાહેરનામુ તથા એવોર્ડ એક જ કરવામાં આવેલ છે. જેનુ કલમ–૪ નું જાહેરનામુ તા.૩૦/૦૧/૨૦૧૦ ના રોજ તથા કલમ–૬ નું જાહેરનામુ તા.૦૭/૦૪/૨૦૧૦ ના રોજ બહાર પાડવામાં આવેલ અને તેનો એલ.એ.કયુ. કેસ નં.૧૦/૦૯ ના કામમાં તા.૩૧/૦૧/૨૦૧૧ ના રોજ કલમ–૧૧ નીચેનો એવોર્ડ કરવામાં આવેલ. તે એવોર્ડમાં જણાવ્યા મુજબ રૂા. ૧૬/– નો એવોર્ડ કરવામાં આવેલ તેનાથી નારાજ થઈ હાલની રેફરન્સ વધારાના રૂા.૧૫૦/– મેળવવા કરેલ છે. જે રકમ અરજદારે તથા અન્ય અરજદારોએ વાંધા સાથે લીધેલ અને ત્યારબાદ કલમ–૧૮ નીચે આ રેફરન્સ(અપીલ) કરવામાં આવેલ છે. અરજદાર તથા અન્ય અરજદારોની સરખેજ– વિરમગામ–ધ્રાંગધ્રા–હળવદ–માળીયા રોડને ચાર લાઇનનો બનાવવામાં સંપાદિત કરવામાં આવેલ જમીન પાસે–પાસે આવેલી છે. તેમજ વણી ગામ રોડને અડીને આવેલ છે અને વણી ગામમાં પ્રાથમીક શાળા, હાઈસ્કુલ, કો.ઓ.સોસાયટી, પોસ્ટ ઓફીસ, પંચાયત હાઉસ તેમજ ગામમાં લાઇટ, પાણી, ટેલીફોન અને રોડની સુવિધા છે અને ઓદ્યોગીક એકમો તેમજ ફેકટરીઓ આવેલ છે. સદર રોડમાં ગયેલ જમીન ફળદ્રુપ અને વધુ ઉપજ આપતી જમીન છે. અરજદાર તથા અન્ય અરજદારો તેમાં શિયાળુ, ઉનાળુ, ચોમાસુ એમ ત્રણેય પાક લઈ શકે છે અને લેતા આવેલા છે. વધુમાં તેઓ જણાવે છે કે, વણી ગામ હાલમાં વિકસતુ ગામ છે. તાલુકા મથકનું સાવ નજીકનું ગામ છે. અને તેઓનુ ગામ આધુનીક ખેતીવાળુ ગામ છે. તેઓએ કલમ–૧૮ ની અપીલમાં વિગતવાર હકીકત જણાવેલ છે તેને પણ તેમની સરતપાસનો ભાગ ગણવા વિનંતી કરેલ છે. વધુમાં સદર કામે નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોટ   વિરમગામ, લે.રે.કેસ નં. ૮૩/૧૫ નો ચુકાદો ધ્યાને લેવા રજુઆત કરેલ છે. આમ, ઉપર પ્રમાણેની હકીકતને ધ્યાનમાં લઈ અરજદારે રેફરન્સમાં માંગ્યા મુજબનું **વધારાનુ વળતર** ચુકવવા હુકમ કરવા વિનંતી તથા કાયદાની જોગવાઇ મુજબ ૩૦% સોલેશીયમ તથા ૧૨% પ્રમાણે ભાવ વધારો જમીનના કબજાની તારીખથી પ્રથમ વર્ષ માટે ૯% તથા ત્યારપછીના વર્ષો માટે કબજા તારીખથી સદરહુ રકમ ચુકવવામાં

આવે ત્યાં સુધી ૧૫% લેખે વ્યાજ ચુકવી આપવાનો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૧૦.૩) સદર એલ.એ.આર.નં.૬/૧૩ ના કામે અરજદારની સામાવાળાઓ તર્ફે જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં, અરજદારે તેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, તેમની જમીન સરકારશ્રીમાં જમીન સંપાદીત થઇ ત્યારે રૂા.૧૬/- વળતર આપવામાં આવેલ. એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે રૂા.૨૦૦/- વળતર માંગેલુ, પરંતુ સરકારે તેને ધ્યાને લીધેલુ નહી તેવુ બતાવવા હાલ કોઈ પુરાવો નથી. એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે તેઓ વાર્ષિક ૨ પાક લેતા આવેલ છે અને દર વિઘે રૂા. ૪૦ થી ૫૦ હજાર વાર્ષિક આવક મેળવતા એવુ બતાવવા તેઓએ કોઇ બીડો રજુ કરેલ નથી. એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ આ કામે જંત્રી રજુ કરેલ નથી.

સદર કામે એલ.એ.આર. કેસ નં. ૯/૨૦૧૩ ના કેસને મુખ્ય કેસ ગણી તે કેસમા ઉપરોકત અન્ય કેસનો પુરાવો નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે. પરંતુ સદર કામે તમામ પુરાવાઓ એલ.એ.આર. કેસ નં. ૬/૨૦૧૩ માં રજુ કરવામાં આવેલ છે. તે સિવાય અન્ય કામમા પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

તે મતલબના પુરાવાઓ આ કામે રેકર્ડ પર રજુ થયેલ છે.

(૧૧) વધુમાં, આ કામે સામાવાળા તરફે કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૧૨) હવે, આ કામે પડેલા પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, રેકર્ડ તપાસતાં નાયબ કલેકટર વિરમગામ પ્રાંત અમદાવાદ ધ્વારા જમીન સંપાદન ધારાની કલમ-૧૧ મુજબ એલ.એ.કયુ. કેસ નં.૧૦/૦૯ ના કામે એવોર્ડ પસાર કરેલ છે. જે એવોર્ડની હકીકતો ધ્યાનમાં લેતાં, આ કામે જમીન સંપાદન અધિકારી ધ્વારા સંપાદિત કરવામાં આવેલ જમીનનાં ભાવો નકકી કરતી વખતે જે જમીન સંપાદન કરવામાં આવે છે તે જમીન અંગે ખેતીવાડી

નિષ્ણાંત કે ગવર્નમેન્ટ વેલ્યુઅરનો અભિપ્રાય મેળવવામાં આવેલ હોય તેમ જણાતુ નથી. વધુમાં આવા વેચાણ કે ગીરોના દસ્તાવેજના કોઈ પક્ષકારોને તપાસેલ હોય તેમ પણ જણાતુ નથી. વળી, આ જમીન લે–વેચના વ્યવહારો કેવા સંજોગોમાં થયેલ હતા ? તેમજ આ જમીન કેવા પ્રકારની હતી ? અને જમીનમાં કયા પ્રકારની અને કેટલા પાકો લેવામાં આવતા હતા વિગેરે બાબતો એવોર્ડ કરનાર અધિકારીશ્રીએ ધ્યાનમાં લીધેલ હોય તેમ જણાતુ નથી. વધુમાં, આ કામે અરજદાર તરફે પણ સંપાદિત થયેલ જમીનોની ઉત્પાદકતા કે આવક અંગેના પુરાવા રજુ કરવામાં આવેલ નથી. જેથી તે રીતે પણ જમીનનું મૂલ્યાંકન કરવુ ન્યાયોચિત જણાતુ નથી.

વધુમાં, આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓ ધ્યાનમાં લઈએ તો આંક–૧૦ થી તેજશ્રીબેન દીલીપભાઈ પટેલને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, અરજદાર તથા અન્ય અરજદારોની સરખેજ–વિરમગામ–ધ્રાંગધ્રા–હળવદ–માળીયા રોડને ચાર લાઈનનો બનાવવામાં સંપાદિત કરવામાં આવેલ જમીન પાસે–પાસે આવેલી છે. તેમજ વણી ગામ રોડને અડીને આવેલ છે અને વણી ગામમાં પ્રાથમીક શાળા, હાઈસ્કુલ, કો.ઓ.સોસાયટી, પોસ્ટ ઓફીસ, પંચાયત હાઉસ તેમજ ગામમાં લાઈટ, પાણી, ટેલીફોન અને રોડની સુવિધા છે અને ઓદ્યોગીક એકમો તેમજ ફેકટરીઓ આવેલ છે. સદર રોડમાં ગયેલ જમીન ફળદ્રુપ અને વધુ ઉપજ આપતી જમીન છે. અરજદાર તથા અન્ય અરજદારો તેમાં બે ઋતુના પાક લઈ શકે છે અને લેતા આવેલા છે. વધુમાં તેઓ જણાવે છે કે, વણી ગામ હાલમાં વિકસતુ ગામ છે. તાલુકા મથકનું સાવ નજીકનું ગામ છે. અને તેઓનુ ગામ આધુનીક ખેતીવાળુ ગામ છે. અલબત, તેઓએ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેઓ વાર્ષિક ૨ પાક લેતા આવેલ છે અને દર વિઘે રૂા. ૪૦ થી ૫૦ હજાર વાર્ષિક આવક મેળવતા એવુ બતાવવા તેઓએ કોઈ બીડો રજુ કરેલ નથી. એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ આ કામે જંત્રી રજુ કરેલ નથી. પરંતુ સદર ગામ તે મુખ્ય તાલુકા મથકેથી નજીક આવેલ હોવાનો પુરાવો જોતાં જણાય છે તેમજ સંપાદિત થયેલ જમીનની સ્થળ સ્થિતી તથા ગામનો આજુબાજુનો વિકાસ અને ગામની આજુબાજુમાં આવેલ ઔધોગિક એકમો

જોતાં ભવિષ્યમાં વિકાસની તકો પણ જણાય છે. આ તમામ સંજોગો ધ્યાનમાં લેતાં સંપાદિત થયેલ જમીન અંગે જે એવોર્ડ કરી વળતરનો હુકમ કરવામાં આવેલ છે તેના કરતાં વધારે વળતર મેળવવા માટે અરજદારો હકકદાર થતાં હોવાનું અત્રેની કોર્ટનું માનવુ છે.

(૧૩) આમ, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે અરજદાર સંપાદિત થયેલ જમીનનું વધુ વળતર મેળવવા હકકદાર હોવાનું પુરાવા જોતાં જણાય આવે છે. હવે, અરજદારો કેટલુ વધુ વળતર મેળવવા હકકદાર છે તે મુદ્દા અંગે ચર્ચા કરીએ તો, આ કામે અરજદાર તરફે **એલ.એ.આર. કેસ નં.૮૩/૧૫ ના કામે અત્રેનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, વિરમગામ ધ્વારા તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ જજમેન્ટ પસાર કરેલ છે તે જજમેન્ટ રજુ કરેલ છે. તેમાં વણી ગામની જમીન સરખેજ–વિરમગામ–ધ્રાંગધ્રા–હળવદ–માળીયા રોડને ચાર લાઇનનો બનાવવા માટે સંપાદન કરવામા આવેલ અને તે અંગે એવોર્ડ પસાર કરવામાં આવેલ છે અને તેમાં વધારાના વળતર પેટે રૂા. ૧૫૦/– ચોરસ મીટરથી અપાવેલ છે.** હવે, અરજદારની રજુઆતો ધ્યાનમાં લેતાં, અરજદારની રજુઆતો ધ્યાનમાં લેતાં, સદર કામે પણ વણી ગામની જ જમીન સંપાદન કરવામાં આવેલ છે સદર ગામની બંને જમીનો એકસરખા પ્રકારની તથા એકસરખી ગુણવત્તા વાળી છે. આ જમીનનું ઉત્પાદક એકસરખુ જ રહેલ છે. આ સંજોગોમાં અરજદાર તરફે તે હુકમ અનુસાર વળતર ચુકવવા માંગણી કરેલ છે. હવે, આ કામે અરજદાર ધ્વારા જાતે હાજર થઇ સરતપાસનુ સોગંદનામુ આપેલ છે જેમાં તેઓ જણાવે છે કે તેઓ વણી ગામની સીમના સર્વે નં. ૨૪૬ ધરાવે છે અને જે સરકારશ્રી દ્રારા જાહેર હેતુ માટે સંપાદન કરવામા આવેલ હોવાનુ જણાવેલ છે અને સદર જમીનોના એક જ ગામની છે અને એકસરખી ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. વધુમાં આ હકીકતો અંગે સામાવાળાઓ તરફે કોઇ તકરાર લેવામાં આવેલ નથી. વળી આ ગામની જમીન અલગ અલગ પ્રકારની હોવા અંગેનો કોઇ પુરાવો પણ આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે વણી ગામ માટે સંપાદન કરવામાં આવેલ જમીનની કિંમત રૂા.૧૫૦/– ચુકવેલ હોવાનો પુરાવો તેઓએ રેકર્ડ ઉપર આપેલ છે. વધુમાં તેઓ તેમની દલીલમાં જણાવેલ છે કે સદરહુ જમીન

હાઈવે ઉપર આવેલ છે અને ઓદ્યોગીક એકમો, પેટ્રોલપંપ તથા હોટલો અને ફેકટરીઓ પણ આવેલ છે. વધુમાં આ કામે આંક–૧૪ થી નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી વિરમગામનુ એલ.એ.આર.નં.૮૩/૧૫ કેસનુ જજમેન્ટ રજુ કરેલ છે જે જજમેન્ટ મોજે વણીનુ છે. હવે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે અરજદારનુ ગામ વણી છે આમ સદર ગામની જમીન એકસરખી ફળદ્રુપતાવાળી હોય તેમ માનવાને કારણ રહે છે. આ સંજોગોમાં આ જજમેન્ટ અત્રેના કેસને સીધી રીતે લાગુ પાડે છે તેમ મારુ માનવુ છે જેથી તે રીતે ધ્યાનમાં લેતા તેમા નામદાર કોર્ટે તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ રૂા.૧૫૦/– પર ચો.મી. વધારાનુ વળતર અપાવેલ છે. વળી અરજદાર**ના વિ.વ.શ્રીનાઓ પણ સદર કામે રજુ કરેલ જજમેન્ટ ઉપર આધાર રાખી રહેલ હોય અરજદારને તે પ્રમાણે વળતર અપાવવુ વ્યાજબી જણાઈ આવે છે.જેથી તે રીતે ધ્યાનમાં લેતા તેમા નામદાર કોર્ટે તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ રૂા.૧૫૦/– પર ચો.મી. વધારાનુ વળતર અપાવેલ છે. જેથી તે રીતે આ કામે વળતર અપાવવુ ન્યાયોચિત જણાય છે.**

આમ ઉપરોકત ચર્ચા કરી તે પ્રમાણે મુદ્દા નં.૧ નો નિર્ણય હું હકારમાં આપું છું.

(૧૪) વધુમાં આ કામે ન્યાયિક નિર્ણય માટે નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટના અમુક ચુકાદાઓ આ જજમેન્ટ માટે ધ્યાને લેવા જરુરી જણાય છે. આ કોર્ટના ઉપરોક્ત તારણ અંગે, નામદાર સુપ્રિમ કોર્ટનો, **AIR 2001 SC 2424 "Thakarsibhai Devjibhai v. Executive Engineer, Gujarat"** નો ચુકાદો ધ્યાને લેતાં, તેમાં પણ ઠરાવેલ છે કે, જ્યારે બે ગામ વચ્ચેનું અંતર મુખ્ય મથકેથી સરખુ હોય અને તેવા ગામની, અગાઉ નિર્ણિત થયેલ એવોર્ડમાં સંપાદિત થયેલ જમીન અને હાલના કેસમાં સંપાદિત થયેલ જમીન સરખી જણાતી હોય તો, અગાઉ નિર્ણિત થયેલ એવોર્ડને આધાર રાખીને, હાલના કેસમાં સંપાદિત જમીનની કિંમત નક્કી કરી શકાય.

(૧૫) વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે **1998 (1) GLR 130, "Dy. General Manager, ONGC Vs. Chaturji Lalaji" reported in** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "It is settled proposition of law that the award which is comparable and compatible with the lands under acquisition can be used as a basis for reaching a fair and reasonable market value". આ જજમેન્ટમાં માર્કેટ વેલ્યુ કઈ રીતે આકારવી તે નિર્ણીત કરેલ છે.

વળી, સદર કામે 2011(9)SCC 325, AMBYA KALYA MHATRE VS. STATE OF MAHARASHTRA, CIVIL APPEAL NO.7784 OF 2011 DECIDED ON SEPTEMBER 12,2011 નુ જજમેન્ટ ધ્યાને લેતા તેમા પેરા–૮ માં જણાવ્યા પ્રમાણે એક ગરીબ ખેડુત હોય તેઓને માર્કેટ વેલ્યુની જાણકારી ન હોઈ શકે આ સંજોગોમાં તે માર્કેટ વેલ્યુ મેળવવા હકકદાર નથી તેમ માની શકાય નહી અને જમીન સંપાદન ધારાની યોજના મુજબ જયારે અરજદારને વળતર ઓછુ જણાતુ હોય તો વ્યાજબી વળતર કેટલુ છે તે કોર્ટે નકકી કરવાનુ છે અને હુકમ કરવાનો છે તેમ ઠરાવેલ છે. આમ સદર ચુકાદાના પેરા–૮ ધ્યાને લેતાં તેમા જણાવેલ છે કે,

8. A land owner, particularly a rural agriculturist, when he loses the land may not know the exact value of his land as on the date of the notification under section 4(1) of the Act. When he seeks a tference he may be dissatisfied with the quantum of compensation but may not really know the actual market value. Many a time there may not be comparable sales, and even the courts face difficulty in assessing the compensation. There is no reason why a land owner who has lost his land, should not get the real market value of the land and should be restricted by technicalities to some provisional amount he had indicated while seeking the reference. As noticed above, the Act does not require

him to specify the quantum and all that he is required to say is that he is not satisfied with the compensation awarded and specify generally the grounds of objection to the award. Under the scheme of the Act, it is for the court to determine the market value. The compensation depends upon the market value established by evidence and does not depend upon what the land owner thinks is the value of his land. If he has an exaggerated notion of the value of the land, he is not going to get such amount, but is going to get the actual market value. Similarly if the land owner is under an erroneous low opinion about the market value of his land and out of ignorance claims lesser amount, that can not be held against him to award an amount which is lesser than the market value. When the Act does not require the land owner to specify the amount of compensation, but he voluntarily mentions some amounts, and subsequently, if the market value is found to be more than what was claimed, the land owner should get the actual market value. We fail to see why the land owner should get an amount less than the market value, as compensation. Consequently, it follows that if the land owner seeks amendment of his claim, he should be permitted to amend the claim as and when he comes to know about the true market value. When the Act is silent in regard to these matters, to impose any condition to the detriment of an innocent and ignorant land owner who has lost his land, would be wholly unjust.

આમ, સદર ચુકાદો ધ્યાને લેતાં, અરજદારને વ્યાજબી માર્કેટ વેલ્યુ પ્રમાણેનુ વળતર અપાવવુ ન્યાયોચિત્ત જણાય છે.

(૧૬) વધુમાં, **AIR 2001 (SC) 3516** સુંદર **V/S Union of India** તેનાં પેરા નં.૨૭ માં ઠરાવવામાં આવેલ છે કે, અરજદારો

વળતરની રકમ અને સોલેશીયમની રકમ પર પણ વ્યાજ મેળવવા હક્કદાર છે. હાલના કામે સદર જજમેન્ટ અત્રે લાગુ પડે છે.

(૧૭) વધુમાં, આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **AIR 1994 SUPREME COURT 1160 "Printers House Pvt. Ltd., M/s. v. Saiyadan"** નો ચુકાદો ધ્યાને લેતા, સદર ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે પારા–૧૭ માં ઠરાવેલ છે કે, "Therefore, when there are several comparable sales or awards pertaining to different lands, **what is required of the Court is to choose that sale or award relating to a land which closely or nearly compares with the plot of land** the market value of which it has to determine, and to take the price of land of such sale or award as the basis for determining the market value of the land under consideration". **આ કામે આંક–૧૪ થી નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી વિરમગામનુ એલ.એ.આર.નં.૮૩/૧૫ કેસનુ જજમેન્ટ રજુ કરેલ છે જે જજમેન્ટ મોજે વણીનુ છે. હવે ઉપર ચર્ચા કર્યા પ્રમાણે અરજદારનુ ગામ વણી છે આમ સદર ગામની જમીન એકસરખી ફળદ્રુપતાવાળી હોય તેમ માનવાને કારણ રહે છે. આ સંજોગોમાં આ જજમેન્ટ અત્રેના કેસને સીધી રીતે લાગુ પાડે છે. જેથી તે રીતે ધ્યાનમાં લેતા તેમા નામદાર કોર્ટે તા.૦૭/૦૫/૨૦૧૮ ના રોજ રૂા.૧૫૦/–પર ચો.મી. વધારાનુ વળતર અપાવેલ છે. જેથી તે રીતે આ કામે વળતર અપાવવુ ન્યાયોચિત જણાય છે.**

(૧૮) વધુમાં, નામદાર ગુજરાત હાઈકોર્ટે **1999 (2) G.L.R. 1357 "Second Additional Special Land Acquisition Officer & Anr. vs. Chunilal Gangaram & Ors."** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, *"it is no more res integra that the decision on the Reference Court given in earlier case is relevant and material piece of evidence for the purpose of determining compensation to be awarded in other cases."* આ જજમેન્ટમાં અગાઉ નિર્ણીત કરેલા કેસો પર આધાર રાખી શકાય

છે તેમ ઠરાવેલ છે.

(૧૯) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **2001 AIR (S.C) 3516, "Sunder V/s Union of India"** ના ચુકાદામાં એવું સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સોલેશીયમ સહિત વળતરની રકમ ઉપર વ્યાજ ચુકવવાપાત્ર બને છે. તે સંજોગોમાં, આ કામના અરજદારો તેમને ચુકવવાપાત્ર થતી રકમ ઉપર જમીન સંપાદન કાયદાની કલમ–૨૩(૧)(એ), ૨૩(૨) અને કલમ–૨૮ ની જોગવાઈઓ મુજબ વધારાનું વળતર તથા ૩૦ ટકા સોલેશીયમ તથા આ તમામ રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર બને છે. તે ઉપરાંત, અરજદારો તેમની જમીનની બજાર કિંમત ઉપર ૧૨ ટકા વધારાની વળતરની રકમ તથા સોલેશીયમની રકમ મેળવવા હક્કદાર ઠરે છે.

(૨૦) વધુમાં, આ કામના અરજદારો દ્વારા, સદર જમીનોનો કબજો લીધા તારીખથી, તમામ રકમ ઉપર પ્રથમ વર્ષ માટે ૯ ટકા અને બાકીના વર્ષો માટે ૧૫ ટકા લેખે વળતરની રકમ અદા કરે ત્યાં સુધીનું વ્યાજ અપાવવા રજૂઆત કરવામાં આવેલ છે. તે રજૂઆત અંગે નામદાર સુપ્રિમકોર્ટનો **AIR 2010 Supreme court 2322** તથા **સિવિલ અપીલ નં.૮૩૪–૮૩૫/૨૦૧૭ "બલદેવજી શકરાજી ઠાકોર વિ. ગૃપ જનરલ મેનેજર, ઓ.એન.જી.સી. તથા અન્ય"** નો તા.૨૩/૦૧/૨૦૧૭ નો ચુકાદો ધ્યાને લેતા, તે ચુકાદાના પારા–૬ તથા ૭ માં નામદાર સુપ્રિમ કોર્ટે અવલોકન કરેલ છે કે, "**In so far as award of interest is concerned from the "possession receipt" dated : 13.03.1989 emboding the terms and conditions subject to which possession was handed over by the land owner it is clear that such possession was taken and handed over pursuant to the provisions of Section 35 of the Act.** The terms and conditions of handing over of possession including the fixation of rent, therefore, would remain in force for a period of three years. **The Reference Court in its order dated : 10.05.2013 took note of the above facts and while awarding interest from the**

date of possession as per the rates set out in Section 34 of the Act, had specifically directed that the amount of rent paid to the land-owners should be deducted therefrom.

7. We find no infirmity in the conclusion to the above effect as recorded by the Learned Reference Court. Accordingly, we set aside the order of the High Court in so far as interest is concerned and restore the interest awarded by the Reference Court.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ, આ કામના અરજદારો પણ હાલના કેસોમાં જ્યારથી તેમની સંપાદિત થયેલ જમીનોનો કબજો લેવામાં આવેલ છે, તે તારીખથી પ્રથમ વર્ષ માટે ૯ ટકા અને ત્યારપછીના સમય માટે ૧૫ ટકા લેખે, વ્યાજ, મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૨૧) વધુમાં, આ કામના અરજદારોને તેમની સંપાદિત થયેલ વણી ગામની સદર જમીનો અંગે દર આરે દીઠ રૂ.૧૬/– લેખે અગાઉ વળતર મળી ગયેલ છે, તે સંજોગોમાં, આ રેફરન્સ કેસના અરજદારો, તેમના જે તે કેસમાં તેમની સંપાદિત થયેલ સદર ઉપરોકત જમીનો અંગે પ્રતિ ચો.મી. ના **રૂ.૧૫૦/–** લેખે વધારાનું વળતર મેળવવા હક્કદાર થતા હોવાનું ઠરાવવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ સંજોગોમાં, મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં આપી, અરજદારોની હાલની લેન્ડ રેફરન્સ અરજીઓ નીચે મુજબની વિગતે અંશતઃ મંજુર કરવામાં આવે છે અને ન્યાયના હિતમાં મુદ્દા નં. ૪ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

--//**આખરી હુકમ**//--

૧. અરજદારોની હાલની રેફરન્સ અરજીઓ આથી ખર્ચ સહિત મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના અરજદારો તેમની સંપાદિત થયેલ વણી ગામની જે તે કેસમાં સંપાદિત થયેલ સદર જમીનો અંગે વધારાની બજાર કિંમત, પ્રતિ ચો.મી. ના **રૂા.૧૫૦/-** (અંકે રૂપિયા એકસો પચાસ) લેખે વધારાનું વળતર મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. અરજદારો, જમીન સંપાદન ધારાની કલમ-૨૩(૧-એ) હેઠળ ૧૨ ટકા લેખે વધારાની વળતરની રકમ ઉપર ભાવ વધારો મેળવવા હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૪. અરજદારો, સદરહું વધારાની વળતરની રકમ ઉપર કલમ-૨૩(૨) હેઠળ ૩૦ ટકા સોલેશીયમ મેળવવા માટે હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૫. અરજદારો સદરહું વધારાની તમામ વળતરની રકમ ઉપર કલમ-૨૮ મુજબનું વ્યાજ, હાલના કેસોમાં જ્યારથી તેમની સંપાદિત થયેલ જમીનોનો કબજો લેવામાં આવેલ છે, તે તારીખથી, પ્રથમ વર્ષ માટે ૯ ટકા અને ત્યારપછીના સમય માટે ૧૫ ટકા લેખે, તે વળતરની રકમ વસુલ થતાં સુધી, વસુલ લેવા માટે હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૬. અરજદારોને આપવામાં આવેલ, જમીન સંપાદન ધારાની કલમ-૨૩(૧-એ) તથા ૨૩(૨) હેઠળની વધારાની વળતરની રકમ ઉપર પણ અરજદારો ઉપર ઠરાવ્યા મુજબ વ્યાજ મેળવવા હક્કદાર બને છે.

૭. સદર કામે વળતરની રકમનુ પરીશિષ્ટ બનાવવુ અને આ પરીશિષ્ટને જજમેન્ટ સાથે રાખી જજમેન્ટના એક ભાગ તરીકે ગણવુ.

૮. સામાવાળાઓએ અરજદારોને અરજી અંગે પ્રમાણસર ખર્ચ ચુકવી આપવું તથા પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

૯. ઠરાવની એક નકલ આ ગૃપના તમામ કેસોમાં મુકવી.

૧૦. હુકમ મુજબ એવોર્ડ દોરવો.

હુકમ આજરોજ તારીખ–૧૬ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૬/૦૬/૨૦૨૬

સ્થળ :– વિરમગામ

(આર.બી.મારફતિયા)
એડીશ્નલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
વિરમગામ.

પી.એ.પરમાર

CODE No. GJ00633